વંચાણમાં:-

1. અત્રેની કચેરીના આદેશ ક્રમાંક નં. સસુખા/બાસમ/રિહોરા/૯૭, તા.૧૨/૦૯/૧૯૯૯.
2. અત્રેની કચેરીના આદેશ ક્રમાંક નં.હસબ/અડટ/૧૪૪૮૨ તા-૨/૧૨/૧૯૭૮
3. અત્રેની કચેરીના આદેશ ક્રમાંક નં.૪૩ તા-૨/૭/૧૯૯૬
4. અત્રેની કચેરીના આદેશ ક્રમાંક નં. બાસમ/નિમણુંક/બહાલી/૦૫-૦૬/ઓહોરા/૮, તા.૧૨/૦૪/૨૦૦૬.
5. અત્રેની કચેરીના આદેશ ક્રમાંક નં. બાસમ/નિમણુંક/બહાલી/૦૫-૦૬/ઓહોરા/૧૦, તા.૧૨/૦૪/૨૦૦૬.
6. માનદ મંત્રીશ્રી, ઓબ્ઝર્વેશન હોમ ફોર બોઇઝ રાજપિપળા, નર્મદાની તા.૨૬/૦૯/૨૦૧૬ ની દરખાસ્ત.
7. સામાજિક ન્યાય અને અધિકરિતા વિભાગ, સચિવાલય ગાંધીનગરનો ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૪/ ૨૦૯૭૬૨/છ, તા.૨૩/૧૨/૨૦૧૫.
8. સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા.૧૪/૦૬/૨૦૦૬ નો પરિપત્ર.
9. અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક જા.નં. સસુખા/સીપીડી/આઉટસોર્સ/૨૦૧૬-૧૭/૨૩૨૧, તા.૨૭/૦૫/૨૦૧૬.
10. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ મકમ/૨૦૦૪/૨૫૩૯/ખ-૩.

**નં. SSK/Outsource/EST/CPD/16-17/૩૨૨** **આદેશ** **તા. ૬/૦૯/૨૦૧૭**

ઉપરોક્ત વંચાણ-૧ ના આદેશથી સમાજ સુરક્ષા ખાતા હેઠળ અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થા પ્રાદેશિક બાળ સંરક્ષણ મંડળ સંચાલિત ઓબ્ઝર્વેશન હોમ ફોર બોઇઝ, રાજપિપળા, નર્મદાની સંસ્થાને ગ્રાન્ટ-ઇન-એઇડ ધોરણે મહેકમ કરવામાં આવેલ. સંસ્થાના મંજુર મહેકમ ફાળવણીમાં ૧-પ્રોબેશન ઓફીસર, ૧-જુનિયર ક્લાર્ક, ૧-શિક્ષક (ભાષા શિક્ષક કમ ઉધ્યોગ શિક્ષક), ૪-ગાર્ડ, ૧-રસોયાની જગ્યાઓ અને વંચાણ-૨ થી હાઉસમધર કમ માસ્તર-૧, મદદનીશ રસોયા-૧ અને વંચાણ-૩થી વિઝીટીંગ મેડીકલ ઓફિસર-૧ની જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે. વંચાણ-૪ ના આદેશથી જુનિયર ક્લાર્કની જગ્યા પર શ્રી આતિશકુમાર એમ પંચોલીની નિમણુંક કરવામાં આવેલ વંચાણ-૫ના આદેશથી શિક્ષક (ભાષા શિક્ષક કમ ઉધ્યોગ શિક્ષક) ની જગ્યા પર શ્રી નિલેશકુમાર ભગરભાઇ વસાવાની નિમણુંક કરવામાં આવેલ છે. સદર સંસ્થામાં મંજુર થયેલ મહેકમમાં વર્ગ-૩ ની બે જગ્યા ભરાયેલ છે અને તે પૈકીની તમામ જગ્યાઓ ખાલી રહેલ છે. વંચાણ-૬ થી સંસ્થાએ સદર જગ્યાઓ આઉટસોર્સથી ભરવા સારુ અત્રે મંજુરી માટે દરખાસ્ત કરેલ છે. જે ધ્યાને લેતા વંચાણ-૭ થી ભારત સરકારના સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ Project Approval Board દ્વારા માન્ય કરાયેલ સંસ્થાઓમાં તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત માનવબળની ભરતી કરવાની મંજુરી મળતા અગાઉ અત્રેથી આપેલ ઓબ્ઝર્વેશન હોમ ફોર બોઇઝ, રાજપિપળા, નર્મદાની સંસ્થાને આપેલ તમામ મહેકમ મંજુરી ના આદેશો આથી રદ

કરવામાં આવે છે અને સંસ્થાની તા.૨૬/૦૯/૨૦૧૭ ની દરખાસ્ત ધ્યાને લઇ વંચાણ-૭ ના ઠરાવમાં જણાવેલ ક્રમ નં. ૧ થી ૬ ની જગ્યાઓ એનેક્ષર-અ મુજબ વંચાણ-૮ ના પરિપત્રને ધ્યાને લઇ ભરવાની રહેશે. ક્રમ નં. ૨ (એનેક્ષર-અ) માટે નીચે મુજબની શૈક્ષણિક લાયકાતને અને અનુભવને ધ્યાને લેવાની રહે. ક્રમ નં. ૫ (એનેક્ષર-અ) ની જગ્યા અન્વયે જિલ્લાઓમાં સ્વાસ્થ્ય આરોગ્ય કેન્દ્રમાં પેરામેડિકલ સ્ટાફની આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે. તે મુજબ સદર સંસ્થામાં પેરામેડીકલ સ્ટાફની સેવા લેવાની રહે. ક્રમ નં. ૭ થી ૯ની જગ્યાઓ વંચાણ-૭ના પરિપત્ર મુજબ કચેરી વ્યવસ્થાપનને અનુસંધાને વંચાણ-૮ની શરતોને આધિન ભરી લેવાની રહે. ઉક્ત તમામ જગ્યાઓની એડહોક ધોરણે ૧૧ માસના કરાર આધારિત મહેકમની નીચે મુજબની શરતોને આધીન તાત્કાલિક ધોરણે ભરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

## એનેક્ષર-અ

| ક્રમ | હોદ્દો | કર્મચારીની સંખ્યા | ચુકવવાનું માનદ્ વેતન (Per Month) |
|---|---|---|---|
| ૧ | ઓફિસ ઇન્ચાર્જ (સુપ્રિન્ટેન્ડેન્ટ) | ૧ | ૨૫૦૦૦/- |
| ૨ | પરામર્શક (કાઉન્સેલર) | ૧ | ૧૭૫૦૦/- |
| 3 | પ્રોબેશન અધિકારી / ચાઇલ્ડ વેલફેર અધિકારી / કેસ વર્કર | ૧ | ૧૭૫૦૦/- |
| ૪ | હાઉસમધર કે હાઉસફાધર (ગૃહમાતા / ગૃહપિતા) | ૨ | ૧૧૦૦૦/- |
| ૫ | પેરમેડિકલ સ્ટાફ | ૧ | ૯૦૦૦/- |
| ૬ | સ્ટોર કિપર કમ એકાઉન્ટન્ટ | ૧ | ૧૪૦૦૦/- |
| ૭ | કુક (રસોયા) | ૧ | ૭૫૦૦/- |
| ૮ | હેલ્પર/ ગાર્ડ | ૨ | ૬૦૦૦/- |
| ૯ | હાઉસકીપર | ૧ | ૬૦૦૦/- |
| ૧૦ | M.B.B.S ડોક્ટર (પાર્ટ ટાઇમ/સ્વૈછિક) | ૧ | ૧૫૦૦/- |

| Sr. No. | Designation | Education Qualification |
|---|---|---|
| 5 | Counselors | Preferably M.A. in Psychology/Sociology/MSW/Applied Psychology, or Msc in Human Development with minimum two Years work exeperince (Second Class preference-MSW with two, Year counseling Experience) |

### નિમણુંકની બોલીઓ અને શરતો :-

1. પ્રાદેશિક બાળ સંરક્ષણ મંડળ સંચાલિત ઓબ્ઝર્વેશન હોમ ફોર બોઇઝ, રાજપિપળા, નર્મદાની સંસ્થા ખાતે જુનીયર ક્લાર્કની જગ્યા પર ફરજ બજાવતા શ્રી આતિશકુમાર એમ. પંચોલીની જગ્યા ભરાયેલ છે. તો ક્રમ નં. ૬ ની સ્ટોર કિપર-કમ-એકાઉન્ટન્ટની જગ્યા ભરવાની રહેશે નહી. પરંતુ સદર કર્મચારી નિવૃત થાય કે સ્વૈછિક રાજીનામું આપતા ખાલી પડે ત્યારે જે તે ખાલી જગ્યા એનેક્ષર-અ મુજબ ભરવાની રહેશે.
2. પ્રાદેશિક બાળ સંરક્ષણ મંડળ સંચાલિત ઓબ્ઝર્વેશન હોમ ફોર બોઇઝ, રાજપિપળા, નર્મદાની સંસ્થા ખાતે ભાષા શિક્ષક-કમ-ઉધ્યોગ શિક્ષકની વર્ગ-૩ ની જગ્યા પર ફરજ બજાવતા શ્રી નિલેશકુમાર ભગરભાઇ વસાવાની જગ્યા ભરાયેલ છે. સદર કર્મચારી વયનિવૃત થાય કે સ્વૈછિક રાજીનામું આપતા ખાલી પડે તો તે જગ્યા ભરવાની રહેશે નહિં. સદર જગ્યા ભારત સરકારના સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ Project Approval Board દ્વારા માન્ય કરાયેલ સંસ્થાઓમાં તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત માનવબળની ભરતી કરવાના વંચાણ-૭ ના ઠરાવમાં મંજુર થયેલ ના હોય ભરવાની રહેશે નહીં.
3. જિલ્લા કક્ષાએ માન. કલેક્ટરશ્રી, જિલ્લા બાળ સુરક્ષા એકમના ચેરમેન હોવાથી તેઓના અધ્યક્ષ સ્થાને કર્મચારીઓની નિમણુંક અંગે પસંદગી સમિતિની રચના કરવાની રહેશે. જેમાં જે તે જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અને સંસ્થાના વડા/પ્રતિનિધિ સભ્ય તરીકે રહેશે. આ અંગેની સઘળી કામગીરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ હાથ ધરવાની રહેશે.
4. સદર જગ્યાઓ ભારત સરકારના સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ Project Approval Board ધ્વારા માન્ય કરેલ સંસ્થાઓમાં તદ્દન હંગામી ધોરણે ૧૧માસના કરાર આધારિત માનવબળની ભરતી કરવાની રહેશે. પસંદગી પામેલ કરાર આધારિત 11 માસના નિમણૂંક મેળવનાર કર્મચારીઓની કરારનો સમયગાળો પુરો થયા બાદ નિમંણૂકનો આપો આપ અંત આવેલો ગણાશે, તેમની કામગીરીના મુલ્યાંકન માન.કલેકટરશ્રી વ ચેરમેનશ્રી, જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા કરવામાં આવશે અને ત્યાર બાદ ૧૧ માસના નવીન કરાર કરવાના રહેશે જે પ્રથમ તબ્બકે ત્રણ વખત માટે જ નવીન કરાર થઇ શકશે, ત્યારબાદ જેતે જગ્યાનો કરારનો અંત લાવી નવેસરથી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
5. પસંદગી સમિતિ દ્વારા પંસદગી ક્રમમાં પ્રથમ આવેલ તમામ ઉમેદવારોના નિમંણૂક આદેશો સંસ્થા દ્વારા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીના પરામર્શમાં રહીને કરવાના રહેશે અને નિમણૂંક પામેલ ઉમેદવારો સાથેના કરારખત સંસ્થાએ ₹ 100 India Non Judicial સ્ટેમ્પ પેપર પર કરવાના રહેશે અને તેની જાણ અત્રેની કચેરી ખાતે કરવાની રહેશે.
6. વિઝીટીંગ મેડીકલ ઓફિસર (V.M.O) ની જગ્યા પર પણ ઉપરોક્ત મુજબની શરતો મુજબ માનદસેવાઓ લેવાની રહેશે. અને વિઝીટીંગ મેડીકલ ઓફિસર સાથે સબંધિત શરતો સાથેનું M.O.U સંસ્થાએ કરવાનું રહેશે અને રાજય સરકારશ્રી દ્વારા વખતો-વખત નક્કી કરવામાં આવતું માનદ વેતન ચુકવવાનું રહેશે, જે ઓડિટ વખતે માન્ય ખર્ચ ગણાશે.
7. "એનેક્ષર-અ"મા મંજૂર કરેલ વર્ગ-૪ની સમકક્ષ જગ્યાઓ ( કૂક (રસોયા, હેલ્પર/ગાર્ડ, હાઉસ કિપર ) ના નામની સામેના કોલમમાં દર્શાવેલ માનદ વેતન પર સંસ્થાએ ૧૧ માસના

કરાર પર નિમણૂક આપવાની રહેશે. 11 માસના નિમણૂંક મેળવનાર કર્મચારીઓની કરારનો સમયગાળો પુરો થયા બાદ નિમંણૂકનો આપો આપ અંત આવેલો ગણાશે, તેમની કામગીરીના મુલ્યાંકન સંસ્થા દ્વારા કરી અને ત્યાર બાદ ૧૧ માસના નવીન કરાર કરવાના રહેશે જે પ્રથમ તબ્બકે ત્રણ વખત માટે જ નવીન કરાર થઇ શકશે, ત્યારબાદ જે તે જગ્યાનો કરારનો અંત લાવી નવેસરથી સંસ્થાએ ૧૧ માસના કરાર પર નિમણૂક આપવાની રહેશે" અને નિમણૂંક પામેલ ઉમેદવારો સાથેના કરારખત સંસ્થાએ ₹ 100 India Non Judicial સ્ટેમ્પ પેપર પર કરવાના રહેશે અને તેની જાણ અત્રેની કચેરી ખાતે કરવાની રહેશે.

8. સરકારશ્રી/નિયામકશ્રી ધ્વારા ક્રમ-૩ પર સરકારી અધિકારીની ડેપ્યુટેશન પર નિમણુંક કરવામાં આવે તો કરાર આધારિત મહેકમનો અંત લાવી ડેપ્યુટેશન પર મુકાયેલ અધિકારિને ફરજ પર હાજર કરવાના રહેશે.
9. સરકારશ્રીના સમાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫, તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવની જોગવાઇ મુજબ વર્ગ-૩ ના કર્મચારીઓને નિમણુંક સમયે કોમ્પ્યુટરની જાણકારી હોવી ફરજીયાત છે.
10. વર્ગ-૩,૪ની જુદી જુદી જગ્યાઓ માટે સરકારશ્રી ધ્વારા નક્કી કરેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવનાર ઉમેદવારોને જ નિમણુંક આપવાની રહેશે.
11. મંજુર થયેલ મહેકમના પગાર ભથ્થા પર સંકલિત બાળ સુરક્ષા યોજનાની જોગવાઇ મુજબ ૧૦% ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે. ઉપરોક્ત પગાર/ ભથ્થામાં સરકારશ્રી દ્વારા વખતોવખત કરવામાં આવનાર સુધારા અમલી બનાવવાના રહેશે.
12. આ હુકમ અન્વયે થનારી નિમણુંકની મુદત તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ સુધીની જ રહેશે. કોઇપણ સંજોગોમાં આ એડહોક નિમણુંક્ની મુદત ૧૧ માસથી વધે નહિ તેની તકેદારી જે-તે કચેરીએ રાખવાની રહેશે.
13. કરાર આધારિત ઉચ્ચક વેતનથી/માનદ વેતનથી નિમણુંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઇ પણ પ્રકારનો હક પ્રાપ્ત થશે નહી.
14. "એનેક્ષર-અ"મા મંજૂર સંવર્ગ હોદ્દાની જગ્યા સામે દર્શાવેલ વેતન ઓડિટ વખતે માન્ય ખર્ચ ગણાશે, પ્રથમ તબક્કે સંસ્થા દ્વારા
15. નિમણૂક પામેલ ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓના વેતનના ખર્ચ કરવાનો રહેશે જે ખર્ચ ઓડિટ વખતે માન્ય ખર્ચ ગણાશે. ઓડિટમાં માન્ય થયેલ ખર્ચની ચુકવણી કરવામાં આવશે.
16. ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજનાની જોગવાઇ અન્વયે કરેલ ભરતી અનુસાર નિમણુંક મેળવનાર કર્મચારીઓ પાસેથી આ સાથે સામેલ કરારખત પત્ર https://sje.gujarat.gov.in/dsd પર અપલોડ કરેલ છે જે મેળવી લેવાનું રહેશે.

17. મંજુર થયેલ મહેકમના પગાર ભથ્થા પ. ર સંકલિત બાળ સુરક્ષા યોજનાની જોગવાઇ મુજબ ૧૦% ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે. ઉપરોક્ત પગાર/ભથ્થામાં સરકારશ્રી વખતોવખત કરવામાં આવનાર સુધારા અમલી બનાવવાના રહેશે.
18. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરુરી શરતો નક્કી થાય તે પણ સંસ્થાને બંધનકર્તા રહેશે.
19. મંજુર કરવામાં આવેલ મહેકમ મુજબના સ્ટાફની ભરતી ત્રણ માસનાં સમયગાળામાં કરવામાં નહીં આવે તો આપેલ મંજુરીનો આદેશ આપોઆપ રદ થયેલ ગણાશે.
20. એનેક્ષર-અ મુજબના સરકારશ્રી દ્વારા નક્કી કરેલ શૈક્ષણિક લાયકાતને લગતા તમામ ઠરાવ https://sje.gujarat.gov.in/dsd પરથી મેળવી લેવાના રહેશે.

ઉક્ત મંજુરીના અનુસંધાને વર્ગ-૩ની જગ્યાઓ માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા ગુજરાત રાજ્યના બે અગ્રણીય વર્તમાન પત્રોમાં જાહેરાત આપી ઉપરોક્ત તમામ જગ્યાઓ હંગામી ધોરણે ૧૧-માસના કરાર આધારિત ફિક્સ પગારથી ભરતી કરવા અને અને વર્ગ-૪ની જગ્યાઓ માટે સંસ્થા દ્વારા એક અગ્રણીય વર્તમાન પત્રોમાં જાહેરાત આપી અને ઇન્ટરવ્યુંમા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની અધ્યક્ષતામાં ભરતીની કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવે છે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજય ગાંધીનગર

પ્રતિ,
મંત્રીશ્રી,
પ્રાદેશિક બાળ સંરક્ષણ મંડળ સંચાલિત,
ઓબ્ઝર્વેશન ફોર બોઇઝ, રાજપિપળા,
જિલ્લા કોર્ટની સામે, નર્મદા-૩૯૩૧૪૫ને તાત્કાલિક ભરતી પ્રક્રિયા હાથ ધરવા સારૂ.

નકલ સવિનય રવાના:-
અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકરિતા વિભાગ, સચિવાલય ગાંધીનગરને જાણ સારૂ.

નકલ રવાના:-
1. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

3. હિસાબી અધિકારીશ્રી (વર્ગ-૧), GIA Branch, વડી કચેરી, ગાંધીનગરને યોગ્ય કાર્યવાહી કરવા અર્થે.
4. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, રાજપિપળા, જી.નર્મદાને સત્વરે કાર્યવાહી કરવા સારું.
5. પ્રોગ્રામ મેનેજરશ્રી ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, જીવરાજ મહેતા ભવન ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી .૦અર્થે.
6. આદેશ ફાઈલ.
7. સંકલિત ફાઈલ.